# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-03-2024** **Midday : 1.20 to 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદમાં 85 હજાર કરોડ રૂપિયાથી વધુ મૂલ્યના વિકાસકામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો.
- અમદાવાદમાં ગાંધી આશ્રમ સ્મારક માસ્ટર પ્લાનનો પ્રારંભ કરાવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે જે દેશ પોતાના વારસાને સુરક્ષિત નથી રાખી શકતો તે પોતાના ભવિષ્યને ગુમાવી દે છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનના પોખરણની મુલાકાત લેશે.
- **રાષ્ટ્રપતિ મુર્મુએ આજે મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ નિમિત્તે લોકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.**
- **કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે હૈદરાબાદની મુલાકાતે છે.**
- **હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલે આજે સવારે હરિયાણા રાજભવન, ચંદીગઢ ખાતે રાજ્યપાલ બંડારુ દત્તારેય સાથે મુલાકાત કર્યા બાદ રાજીનામું આપ્યું હતું**

.......................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM Gujarat Visit

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદમાં 85 હજાર કરોડ રૂપિયાની વધૂની મૂલ્યાના વિકાસકામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો. શ્રી મોદીએ 10 નવી વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું. જેમાં અમદાવાદ-મુંબઇ સેન્ટ્રલ સહિત દસ અન્ય ટ્રેનોનો સમાવેશ થાય છે. શ્રી મોદીએ અમદાવાદ-જામનગર વંદે ભારત ટ્રેન સહિત ચાર બાલની વંદેભારત ટ્રેનને દવારકા સુધી લંબાવવાની શરૂઆત કરી હતી.

(બાઇટ-મોદી)

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારતીય રેલવેનો વિકાસ એનડીએ સરકારની મુખ્ય પ્રાથમિકતા છે. તેમણે કહ્યું કે, અગાઉની સરકારોમાં રાજકીય સ્વાર્થની ભોગ બનેલી ભારતીય રેલવેનું છેલ્લા 10 વર્ષમાં વ્યાપક કાયાકલ્પ થયો છે. શ્રી મોદીએ કહ્યું કે, સત્તામાં આવ્યા બાદ એનડીએ સરકારે રેલવે નેટવર્ક વધારવા, રેલવીને આંતરમાળખાકીય સુવિધાઓનો આધુનિક બનાવવા, મુસાફરોની સુવિધાઓમાં વધારો કરવા અને રેલવે પ્લેટફોર્મ પર મેક ઇન ઇન્ડિયા ઉત્પાદનોનું વેચાણને પ્રોત્સાહન આપવા માટે અથાક કાર્ય કરી રહી છે તેમણે એમ પણ કહ્યું કે, ભારતીય રેલવે આત્મનિર્ભર ભારત માટે સૌથી શક્તિશાળી માધ્યોમાંથી એક છે.

ભારતને  યુવા દેશ ગણાવતા તેમણે કહ્યું કે આજે જે વિકાસ યોજનાઓનું ઉદ્દઘાટન કરવામાં આવ્યો છે. તે ભારતીય યુવાનો માટે ભેટ છે, અને જે યોજનાઓનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે, તે યુવાનોના ઉજ્જવળ ભવિષ્યની ગેરંટી છે.

પ્રધાનમંત્રીએ સમર્પિત ફ્રેઇટ કોરીડોરના બે વિભાગોનું ઉદ્દઘાટન કર્યું. તેમણે 51 ગતિશક્તિ મલ્ટીમોડલ કાર્ગો ટર્મિનલ અને એક હજાર પાંચસોથી વધુ એક સ્ટેશન એક ઉત્પાદત સ્ટોલ રાષ્ટ્રને સમપ્રિત કર્યા. શ્રી મોદીએ 20 હજાર કરોડ રૂપિયાની પેટ્રોકેમિકલ યોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યો.

## **PM Sabarmati Ashram**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે જે દેશ પોતાના વારસાને સુરક્ષિત નથી રાખી શકતો તે પોતાના ભવિષ્યને ગુમાવી દે છે. અમદાવાદમાં અભયઘાટ પર ગાંધી આશ્રમ સ્મારક માસ્ટર પ્લાનનો પ્રારંભ કરાવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મુજબ જણાવ્યું હતું.

શ્રી મોદીએ વધુમાં કહ્યું હતું કે આજે મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ માત્ર દેશનું જ નહીં પરંતુ સમગ્ર માનવજાતિનો વારસો છે. આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીએ પુનઃવિકસિત કોચરબ આશ્રમનું ઉદ્દઘાટન કર્યું હતું. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન સાબરમતી આશ્રમની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે શ્રી મોદીએ કહ્યું કે આજે સાબરમતી આશ્રમ વિકસિત ભારતનું એક તીર્થસ્થળ બની ગયું છે. પ્રધાનમંત્રીએ કહ્યું છે કે તેમની સરકાર દેશની તમામ વિરાસત સ્થળોને સુરક્ષિત રાખવા માટે વચનબદ્ધ છે.

સાબરમતી આશ્રમ માસ્ટર પ્લાન હેઠળ આશ્રમના હાલના પાંચ એકર વિસ્તારને વધારીને 55 એકર કરવામાં આવશે. માસ્ટર પ્લાનમાં ઓરિએન્ટેશન સેન્ટર, ચરખા વણાટ પર ઇન્ટરેક્ટિવ વર્કશોપ, હેન્ડમેઇડ પેપર, કોટન વીવિંગ અને લેધર વર્ક અને જાહેર ઉપયોગિતાઓ જેવી મુલાકાતીઓની સુવિધાઓનો સમાવેશ થાય છે. આ ઇમારતમાં ગાંધીજીના જીવનના વિવિધ પાસાઓ અને આશ્રમના વારસાને દર્શાવતી પ્રવૃત્તિઓ અને ઇન્ટરેક્ટિવ પ્રદર્શનો રાખવામાં આવશે.

## PM - POKHRAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનના પોખરણની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી ભારત શક્તિના સાક્ષી બનશે, જે લાઈવ ફાયર અને યુદ્ધભ્યાસના સ્વરૂપમાં ત્રણ સંરક્ષણ સેવાઓની સ્વદેશી ક્ષમતાઓનું સંકલિત પ્રદર્શન છે.

ભારત શક્તિ અભ્યાસ દેશની નિપુણતાના પ્રદર્શન તરીકે સ્વદેશી શસ્ત્ર પ્રણાલીને પ્રદર્શિત કરશે. એક સંદેશમાં પ્રધાનમંત્રીએ કહ્યું છે કે આ કાર્યક્રમ શસ્ત્ર

પ્રણાલીના વિશેષીકરણ સાથે સંબંધિત છે. ભારતને સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે શસ્ત્ર પ્રણાલી મહત્વપૂર્ણ છે.

## NT.PREZ-MAURITIUS-WITH-VC

રાષ્ટ્રપતિ મુર્મુએ આજે મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ નિમિત્તે લોકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. સમારોહ દરમિયાન મોરેશિયસના રાષ્ટ્રપતિ પૃથ્વીરાજસિંહ રૂપન અને મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિંદ કુમાર જુગનાથ અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

મોરેશિયસ યુનિવર્સિટીમાં માનદ પદવી પ્રદાન સમારોહમાં હાજરી આપતાં રાષ્ટ્રપતિએ  કહ્યું કે ભારત શિક્ષણને પ્રાથમિકતા આપી રહ્યું છે અને યુવાનોને જ્ઞાન અર્થતંત્ર બનવા માટે સશક્ત બનાવી રહ્યું છે. આ સમારોહમાં તેમણે ડોક્ટર ઓફ સિવિલ લોની ડીગ્રી એનાયત કરવામાં આવી હતી. મોરેશિયસની તેમની મુલાકાતના બીજા દિવસે, રાષ્ટ્રપતિ મુર્મુ આજે બપોરે મોકા ખાતે મહાત્મા ગાંધી સંસ્થાનમાં ભારતીય ડાયસ્પોરાના સભ્યો અને ભારતીય સમુદાયને સંબોધશે.

## *VP--DIVYASTRA*

**ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે મિશન દિવ્યસ્ત્રની સફળતા બદલ અભિનંદન પાઠવ્યા છે.**

**એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે** DRDO **દ્વારા આ અસાધારણ સિદ્ધિ ભારતની એકંદર વૃદ્ધિ માટે મહત્વપૂર્ણ છે.  મલ્ટીપલ ઈન્ડિપેન્ડન્ટલી ટાર્ગેટેબલ રી-એન્ટ્રી વ્હીકલ ટેકનોલોજી સાથે અગ્નિ 5 મિસાઈલનું પ્રથમ ઉડાન પરીક્ષણ એ ભારતની સ્વદેશી સંરક્ષણ ક્ષમતાઓ અને નવીનતાનો પુરાવો છે.**

## TELANGANA-AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે હૈદરાબાદની મુલાકાતે છે.

તેઓ ભાજપના સોશિયલ મીડિયા નિષ્ણાતો સાથે સંવાદ કરશે અને એલ.બી. સ્ટેડિયમ ખાતે વિજય સંકલ્પ સંમેલનમા સંબોધન  કરશે.

શ્રી શાહ આગામી લોકસભા ચૂંટણી દરમિયાન અપનાવવામાં આવનાર વ્યૂહરચના અંગે તેલંગાણા રાજ્ય ભાજપ નેતૃત્વને સૂચનો પણ આપશે.

## HARYANA CM-RESIGNS

હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલે આજે સવારે હરિયાણા રાજભવન, ચંદીગઢ ખાતે રાજ્યપાલ બંડારુ દત્તારેય સાથે મુલાકાત કર્યા બાદ રાજીનામું આપ્યું હતું. 2024ની લોકસભા ચૂંટણી માટે સીટ-વહેંચણીના મુદ્દે શાસક ગઠબંધનમાં વિભાજનની અટકળો વચ્ચે મનોહર લાલે તેમના મંત્રીમંડળ સાથે રાજીનામું આવ્યું છે. બંને પક્ષોના સાડા ચાર વર્ષના ગઠબંધન બાદ ભાજપ અને જેજેપી વચ્ચેનું ગઠબંધન પૂર્ણ થયું છે.

આ દરમિયાન ભાજપે દાવો કર્યો છે કે તેમની પાસે રાજ્યમાં સરકાર બનાવવા માટે પૂરતી સંખ્યા છે.

ભાજપે 2019ની ચૂંટણીમાં હરિયાણાની તમામ 10 લોકસભા બેઠકો જીતી હતી.

## *BELARUS-FM-VISIT*

બેલારુસના વિદેશ મંત્રી સર્ગેઈ એલેનિક તેમની ભારત મુલાકાતે ગઇકાલે સાંજે નવી દિલ્હી પહોંચ્યા છે. તેઓ આજે  વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે બેઠક કરશે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે આ બેઠકમાં પરસ્પર હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ સાથે ભારત-બેલારુસ ભાગીદારીને આગળ વધારવા પર અર્થપૂર્ણ

ચર્ચા થશે. બંને મંત્રીઓ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચાર વિમર્શ કરશે. તેમની મુલાકાત દરમિયાન બેલારુસના વિદેશ મંત્રી અન્ય ભારતીય મહાનુભાવોને પણ મળશે.

## SC - WB GOVT

સર્વોચ્ચ અદાલતે આ વર્ષે જાન્યુઆરીમાં સંદેશખાલીમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમ પર થયેલા હુમલાની સીબીઆઈ તપાસના નિર્દેશ આપતા કલકત્તા હાઈકોર્ટના આદેશને પડકારતી પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી છે.

5 માર્ચના રોજ, કલકત્તા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળ સરકારને ED અધિકારીઓ પર હુમલાના સંબંધમાં સસ્પેન્ડેડ તૃણમૂલ કોંગ્રેસના નેતા શેખ શાહજહાંને સીબીઆઈને સોંપવાનો આદેશ આપ્યો હતો. જેના પગલે પશ્ચિમ બંગાળ સરકારે સીબીઆઈ તપાસ અંગે હાઈકોર્ટના આદેશને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી.

## REV. NIA SEARCH

**રાષ્ટ્રીય તપાસ સંસ્થા [NIA] અલગ-અલગ રાજ્યોમાં 30 સ્થળોએ આતંકવાદી-ગેંગસ્ટરની સાંઠગાંઠના મામલામાં સઘન શોધખોળ કરી રહી છે.**

**પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ - ચંદીગઢમાં શોધખોળ કરવામાં આવી રહી છે.**

## *DD RAMLALA DARSHAN*

**દૂરદર્શન નેશનલ પર હવે દરરોજ સવારે 6:30 વાગ્યે અયોધ્યાના શ્રી રામલલા મંદિરથી દૈનિક આરતીનું જીવંત પ્રસારણ કરાશે. હવેથી ભક્તો દરરોજ ભગવાન શ્રી રામલલાના દિવ્ય દર્શન કરી શકશે.**